**CC ૮૪૨૩/૧૯૯૪**

## :: <u>આંક-૧ નીચે હુકમ::</u>

કેસનુ રેકર્ડ ધ્યાને લેવામા આવેલ છે.હાલના કામે આજરોજ વિ.એ.પી.પી.શ્રી એ રજુ કરેલ કેસ પરત ખેંચવાની પરવાનગી અરજી અને તે લદતનો હુકમ ધ્યાને લેવામા આવેલ છે.વધુમા એ.પી.પી.શ્રી એ આ કામે રજુ કરેલ કેસ વિથડ્રો પુરસીસની હકીકતો અને સદર કેસ સંદર્ભે સુરતના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તારીખ ૦૩/૦૮/૨૦૨૨ના રોજ કરેલ હુકમ નં.એમ.જી/ડોરમન્ટ/વશી ૨૩૬૯/૨૦૨૨..નો હુકમ વંચાણે લીધો.ઉક્ત હુકમ અને આજરોજ વિ.એ.પી.પી.શ્રી પઠાણ તરફથી રજુ કરવામા આવેલ કેસ પરત ખેંચવાની વિથડ્રો પુરસીસ ધ્યાને લેતા સદર કેસ સરકારશ્રી પરત ખેંચવા માંગતા હોય જેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૧ ની જોગવાઈ અનુસાર પરત ખેંચવાની પરવાનગી આપી હાલનો કેસ આજરોજ ફરીયાદ પક્ષે રજુ કરેલ વિથડ્રો પુરસીસના આધારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૧ ની જોગવાઇના આધીન ફેંસલ કરવામા આવે છે.અને આરોપી/આરોપીઓ બિનતહોમત/નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે./

જો આ કામે મુદ્દામાલ કબ્જે થયેલ હોય તો તે મુદ્દામાલ પરત્વે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે વિકલ્પે જો કોઇ હુકમ ન હોય તો બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો અને જો કોઇ કીમતી મુદ્દામાલ હોય તો અપીલ સમય બાદ કોઈ ક્લેઇમ ન થાય તો નિયમ અનુસાર સરકારશ્રીમા ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

આથી એવો વિશેષ હુકમ કરવામા આવે છે કે જો હાલના કામના આરોપી/આરોપીઓ મળી આવેલ ન હોવાથી સરકારશ્રી સદર કેસ પરત ખેંચતા હોય અને જો ભવિષ્યમા જો ફરીયાદપક્ષ આરોપી/આરોપીઓ ને શોધી રજુ કરે તો તેવા સંજોગોમા ફરીયાદ પક્ષને સદર કેસ ફરી ફાઇલે લેવા યોગ્ય પરવાનગી આપવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી ઓગષ્ટ સને-૨૦૨૨ ના રોજ લોક અદાલત મધ્યે યોજાયેલ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમા ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરત
તા.૧૩/૦૮/૨૦૨૨

અમિત કે ગોહીલ
કોડ નં.જી.જે-૦૦૯૫૧
૧૧મા એડી.ચીફ.જ્યુડી.મેજી,સુરત